| ૧૮ | **અ.સૌ. ઉષા ખુશાલ નાગડા (ધૂમ)** | નલીયા - મુલુંડ |
| ૧૯ | **અ.સૌ. નીલમ ગીરીશ નાગડા (ધૂમ)** | નલીયા - મુલુંડ |
| ૨૦ | **શ્રી જીતેન્દ્ર હંસરાજ લોડાયા** | વરાડિયા - અંધેરી |
| ૨૧ | **રેખાબેન વસંત માલદે** | દલતુંગી - મુલુંડ |
| ૨૨ | **ગ. સ્વ જમકુબાઈ શિવજી પોલડીયા** | બાયઠ - બડ્ગરા |
| ૨૩ | **શ્રી પ્રવીણ ભવાનજી મોતા** | કુઆપધર - ગોરેગાવ |
| ૨૪ | **શ્રી હીરાચંદ કુંવરજી ખોના** | નલીયા - ડોમ્બીવલી |
| ૨૫ | **શ્રી પ્રતિક હેમંત ધુલ્લા** | તેરા- ડોમ્બીવલી |
| ૨૬ | **નિર્મલા વિનોદ મોતા** | કુઆપધર - ડોમ્બીવલી |
| ૨૭ | **વીણા ચંદ્રકાંત પોલડીયા** | લુણી - ગોરેગાવ |
| ૨૮ | **જીતેન્દ્ર ટોકરશી** | રવા - ભાંડુપ |
| ૨૯ | **અનંત મિત્ર મંડળ** | ભાંડુપ |
| ૩૦ | **એક સદ્‌ગૃહસ્થ** | રાયધણજર - મુલુંડ |
| ૩૧ | **એક સદ્‌ગૃહસ્થ** | રાયધણજર - મુલુંડ |

**સમુહલગ્નના વધુ ફોટોગ્રાફ આવતા અંકમાં પ્રકાશિત થશે.**

## શ્રી ક.દ.ઓ.જૈન વિદ્યાલયના SSC ૧૯૭૧ અને ૧૯૭૨ના વિદ્યાર્થીઓનો મેળાવડો તા. ૧૧.૦૩.૨૦૧૮

શ્રી ખેતશી ચત્રભોજ ખીઅશી અજાણી શ્રી ક.દ.ઓ.જૈન વિદ્યાલયનાં SSC ૧૯૭૧-૭૨નાં કલાસમેટોને ભેગા કરવાની ધુન પારસ લહેરચંદ પટેલને લાગતાં તેમણે ૨૦.૧૧.૨૦૧૭ના વોટ્સઅપ ગ્રુપ બનાવીને પ્રત્યેકનાં કોન્ટેકટ નંબર એકઠાં કરવાની મહેનત શરૂ કરી. જેમાં પારસ પદમશી મૈશેરી અને કિરીટ કુંવરજી કુરૂવાએ સંપૂર્ણ સાથ આપતાં કાર્યક્રમ માટે તા. ૧૮.૧૨.૨૦૧૭નાં પારસ મૈશેરીનાં 'અંબે ભવન' માં એ વિદ્યાર્થીઓની મિટીંગ યોજવામાં આવી. જેમાં SSC ૧૯૭૧ અને ૧૯૭૨નાં વિદ્યાર્થીઓનાં મેળાવડાની તારીખ ૨૫.૦૨.૨૦૧૮ નક્કી થઈ. અને ફંકશન કમિટી રચવામાં આવી. જેમાં પારસ પદમશી મૈશેરી, પારસ લહેરચંદ પટેલ, કિરીટ કુંવરજી કુરૂવા, જયંતી રાયશી ગોશર, મહેન્દ્ર મેઘજી મોતા અને પ્રકાશ ખાંતીલાલ લાખાણીની નિમણુંક થઈ. પરંતુ તા. ૨૭.૨.૧૮ના રોજ છ ગાઉ યાત્રા હોવાથી મેળાવડાની તારીખ ૧૧.૦૩.૨૦૧૮ રાખવામાં આવી. આ સાથે પ્રેમાળ અને સકારાત્મક અભિગમ ધરાવનાર ગુરૂજી સુબોધ શાહ સર અને ૧૯૭૪-૨૦૦૫નાં આપણી સ્કુલનાં શિક્ષિકા/પ્રિન્સીપાલ ઉષાબેન ભાટીયાને પણ આશીર્વાદ માટે આવવાનું આમંત્રણ અપાયું. ગ્રુપમાં સૌની જબરજસ્ત તૈયારી અને ઉત્સાહ ઉમંગથી ફક્ત ૩ મહિનામાં ૮૬ વિદ્યાર્થીઓનાં કોન્ટેકટ નંબર ભેગા થઈ ગયા ! એમાંથી ૭૫ વિદ્યાર્થીઓએ ફંકશનમાં આવવાની તૈયારી દર્શાવી. ફંકશન કમિટીની બધી જ મિટીંગોની તૈયારી પારસ મૈશરીનાં લક્કી 'અંબે ભવન' માં જ કરવામાં આવી.

તા. ૧૧.૦૩.૨૦૧૮ રવિવારે કાર્યક્રમની શુભ શરૂઆત ગુરૂશ્રી સુબોધ સર અને ઉષાબેનના હસ્તે દિપ પ્રગટન અને સરસ્વતી દેવીને હાર અર્પણ કરાયું. આપણી વચ્ચે હાજર ન રહેનાર અને સ્વર્ગવાસ થનાર શાળાનાં શિક્ષકો અને અમારા કલાસના વિદ્યાર્થીઓ માટે બે મિનિટ મૌન પાળીને તેમને શ્રદ્ધાંજલિ આપવામાં આવી. પછી સુબોધસર અને ઉષાબેનનું પરિચય સન્માન અને આશીવર્ચનોનો કાર્યક્રમ થયો. પારસ મૈશરીએ સૌનું સ્વાગત કર્યું. પારસ પટેલે 'કાર્યક્રમ યાત્રા' કવિતા સંભળાવી. કિરીટ કુરુવાએ ખુબ આનંદ વ્યક્ત કર્યો. જયંતી ગોશરે અનોખી અદામાં શાળાનાં દિવસો યાદ કરાવ્યા, મહેન્દ્ર મોતાએ ભાવભરી રીતે ખુબ ઉમંગથી ખુશી વ્યક્ત કરી અને પ્રકાશ લાખાણીએ કવિતા સાથે બધાને ઉત્સાહથી ખુશ કર્યા.

ત્યારબાદ પ્રત્યેક વિદ્યાર્થીની ઓળખાણ વિધી શરૂ થઈ જેમાં પ્રત્યેક વિદ્યાર્થીએ પોતાના પતિ/પત્નિ/સંબંધી સાથે આવીને પોતાનો પરિચય અને હર્ષ, ઉમંગ, જોશ અને ઉત્સાહથી પોતાનો આનંદ વ્યક્ત કર્યો. ૪૬ વર્ષો પછી મળેલા ૬૦ સહવિદ્યાર્થીઓને અને બંને ગુરૂજીને મળીને સૌ વિદ્યાર્થીઓ અનહદ ખુશ થયા અને પોતાની ખુશી / આનંદ વ્યક્ત કર્યો. સમયસર ચોવીહાર પણ થયો. સૌની કાયમ યાદગીરી માટે ૧૯૭૧ SSCનાં તથા ૧૯૭૨ SSC નાં વિદ્યાર્થીઓના અલગ ગ્રુપમાં ફોટા કાઢવામાં આવ્યા, જે ફોટો ફ્રેમ/મોમેન્ટો પછી પ્રત્યેક વિદ્યાર્થીને મોકલવામાં આવશે. આ સાથે કાર્યક્રમમાં ગુરગાંવથી પધારેલ રેખા કુમાર વ્યાસ દ્વારા રૂા. ૨૫૦૦૦/- નો ફાળો આ કાર્યક્રમ માટે તથા ભવિષ્યનાં સઘળા કાર્યક્રમો માટે પણ રૂા. ૨૫૦૦૦/- આપવાની જાહેરાત કરતાં સૌ વિદ્યાર્થીઓ પ્રત્યેની પ્રેમ અને લાગણીને કારણે તેમનું બહુમાન કરવામાં આવ્યું.

આપણાં જયંતી રાયશી ગોશર જે દુનિયામાં વાજીંત્ર વગાડવાનાં પ્રખ્યાત કલાકાર છે. તેમણે પણ આવતા મેળાવળામાં પોતાનો સૌથી સારો કાર્યક્રમ યોજવાની તૈયારી બતાવી. તેમને તાડીઓના ગળગળાટથી વધાવવામાં આવ્યા.

આ સાથે જ બાંધકામ ક્ષેત્રમાં બહુ જ ઉચ્ચ સ્થાનમાં પહોંચેલા આપણા શ્રી પ્રતાપ ચાંપશી લોડાયા (મુલુંડ) એકલાએ એમણે આવો માહોલ જોઈને આપણા વિધ્યાર્થીઓ માટેનો ઉંડો પ્રેમ અને લાગણીથી પ્રતાપ લોડાયાએ આવતો કાર્યક્રમ ટીપટોપ પ્લાઝા થાણેમાં ઉમદા સગવડો અને બહુ જ સરસ રીતે કાર્યક્રમ કરાવવાનું વચન આપ્યું. એમના આ ઉદાર ભાવનાને કારણે પ્રતાપ લોડાયાનું હરખભેર સન્માન કરવામાં આવ્યું અને ગુરૂજીઓએ આશીવર્ચનો આપ્યા કે ઈશ્વર પ્રતાપ લોડાયાને સદાય ઉચ્ચ હોદ્દા પર જ રાખે અને દિવસે દિવસે પ્રગતિ કરે.

આ કાર્યક્રમનું સફળતાથી સંચાલન વિદ્યાર્થીની અરણાબેન પ્રતાપ મોતા (શાહ)ની દિકરી ધારીણી શાહે ઉમદા રીતે કરેલ. આ કાર્યક્રમની સફળતા માટે રતિલાલ શીયાલ, રવિન્દ્ર શાહ, પ્રતાપ ધરમશી, અરૂણાબેન શાહ તેમજ અનેક વિદ્યાર્થીઓએ સિહંફાળો આપેલ. બધા જ સાથે રાતનું જમણ સાથે કરીને 'ફરી ફરી મળીશું' કહીને છુટા પડ્યા.

### કાર્યક્રમની પૂર્વ સંધ્યાએ... 'કાર્યક્રમ યાત્રા'

KDO સ્કુલનાં પોતાના ક્લાસમેટના મેળાવળાનો (PMD) પ્રતાપે જણાવ્યો મને વિચાર.
૨૧.૧૧.૨૦૧૭ ના સ્કુલ ૧૯૬૮-૭૨ Whats app Grop થયો તૈયાર.
થોડા જ દિવસોમાં એ કલાસમેટોના ઘણા કોન્ટેકટ નંબર ભેગા થયા યાર.
પ્રથમ પ્રતાપની મિટીંગમાં નક્કી થયું કે ગ્રુપમાં રહેશે ૧૯૭૨ SSC પરિક્ષા આપનાર.
ભુલથી આવેલ ૧૯૭૧ નાં કિરીટભાઈએ આપ્યો ૧૯૭૧ SSC સાથનો પણ નિરધાર.
ત્યારથી ગ્રુપમાં SSC ૧૯૭૧ અને ૧૯૭૨ માં બંનેનો સાથે થયો વ્યવહાર.
પારસ મૈશરી અને કિરીટ કુરૂવાના સાથથી નંબર એકઠા કરવાને મળ્યો આવકાર.
૧૮ ડિસેમ્બરે પારસ મૈશેરીનાં જય અંબે મિટીંગમાં મળ્યા ૨૨ કલાસમેટ નરનાર.
જે મિટીંગમાં ૨૫.૦૨.૧૮નાં મુંબઈમાં ૩ થી ૧૦ કાર્યક્રમનો મળ્યો બધાથી અધિકાર.
જેમાં બે પારસ, કિરીટ, જયંતી, મહેન્દ્ર અને પ્રકાશની ફંકશન કમિટી થઈ ગઈ તૈયાર.
પણ.. છ ગાઉ યાત્રા ૨૭.૨.૧૮ ને કારણે કાર્યક્રમનો ૧૧.૩.૨૦૧૮નાં થયો જયજયકાર.
ગિરીશભાઈની જહેમતથી સ્કુલમાંથી SSC ૧૯૭૧ અને ૧૯૭૨ ની લીસ્ટ મળ્યું અસરદાર.
પછી ડબલ જોરથી બાકી રહેલા હર એક કલાસમેટને શોધવામાં ગ્રુપ બન્યો ધારદાર.
સાથે ૯૦ વર્ષના હકારાત્મક અને પ્રેમાળ ગુરૂજી સુબોધ સર મળ્યા રામ અવતાર.
પાછળથી મલ્યા છેલ્લા સ્કુલ પ્રિન્સીપાલ ઉષાબેન ભાટીયા પ્રેરણારૂપ સદાચાર.
આપના અનેરા સહકારથી ૮૬ વિધ્યાર્થીઓ મળ્યા, જેમાં ૭૫ પહોંચશે કાર્યક્રમ દ્વાર.
બહારગામથી ૧૪ પ્રેમાળ વિદ્યાર્થીઓ પણ, બાળ મિત્રોને કહેશે ખુશીનાં ઉદ્ગાર.
વર્ષો પછી જુનો દોસ્ત મલ્યાનો આનંદ પણ આજે ૭૫ દોસ્તો આનંદ મળશે અપાર.
આપ સૌ અમુલ્ય સમય કાઢીને અમો બધાને મલવા પધાર્યા, આપનો અંતરથી આભાર.
કહે 'પારસ પટેલ' ઈશ્વર અને ગુરૂજીનાં આશીર્વાદથી, આ કાર્યક્રમ બનશે અનેરો યાદગાર.
ભવિષ્યમાં પણ જરૂર કંઈક એવું ગોઠવીશું કે આપણો આ કુટુંબ મળશે વારંવાર.
અમારી કોઈ ભુલ ચુક થઈ હોય તો, આપ સૌ જરૂર માફ કરજો, રાખી મન ઉદાર.

## ધર્મસંદેશ - ૧૧૮





રચયિતા : જયકાંત મોતા -
ઘાટકોપર (તેરા)
૯૮૧૯૬ ૨૮૩૮૨

**આડી ચાવીઓ -**

[૧] આ તીર્થમાં ભગવાનના ૧૯ કલ્યાણકો છે (૩); [૪] આ ૧૪ છે (૫); [૭] એક પવિત્ર જળ (૩); [૯] ઇશ્વર (૨); [૧૦] આ આંઠ છે (૨); [૧૧] આવતી ચોવીસીના ૨૦ મા તીર્થંકર (૪); [૧૩] દેરાસરનું એક ઉપકરણ (૩); [૧૫] બ્યાસણા માં કેટલીવાર જમાય ? (૧); [૧૬] એક કષાય (૨); [૧૮] સાધુ સાધ્વીઓનું એક સ્થળથી બીજા સ્થળે જવું (૩); [૨૦] ત્રિશલા માતાનું સાતમું સ્વપ્ન (૨); [૨૧] ગતિઓ કેટલી ? (૨); [૨૩] શત્રુંજય પર્વત ઉપર પાંચ — આવે છે (૩); [૨૪] કચ્છીઓના —માં ઘણા તીર્થો છે (૩); [૨૭] — વેડફવાને બદલે ધર્મ કરો (૩); [૨૮] નવસારી પાસે આવેલ આ તીર્થ માં છોકરાઓને ભણાવવાની ગુરૂકુલ છે (૪); [૩૦] ધનની રકમ — માં નાખો (૩); [૩૧] પ્રભુ (૪)

**ઊભી ચાવીઓ -**

[૧] એક ચક્રવર્તી તીર્થંકર (૪); [૨] આના સ્વરૂપ ચાર છે (૨); [૩] ચડાવાની બોલીઓ આ સંજ્ઞામાં થાય (૨); [૪] ગૌતમ સ્વામીનું નિર્વાણ સ્થાન (૪); [૫] ઉપાશ્રય એ ધાર્મિક — છે (૩); [૬] ૧૦૮ માંના એક પાર્શ્વનાથ (૨); [૮] જે તીર્થંકરના ૨૬ ભવ થયા (૪); [૧૨] મણીભદ્રવીર નું સ્થાનક (૫); [૧૪] એક જ્ઞાન (૨); [૧૭] જે નાં માં ચક્રવર્તી કરતાં અડધું બળ હોય તે (૪); [૧૮] આ મા. સા. એ શ્રાવક, શ્રાવિકા માટે હિત શિક્ષા છત્રીસી રચેલ (૬); [૧૯] ફાગણી તેરસના શત્રુંજયની તળેટીમાં ઘણા લોકો યાત્રાળુઓ માટે — રાખે (૨); [૨૨] અમદાવાદ પાસે આવેલ મહાવીર સ્વામીનું તીર્થ (૪); [૨૫] આણંદ પાસે આવેલ સુમતીનાથ નું તીર્થ (૩); [૨૬] પૂજા કેટલા અંગે થાય (૨); [૨૯] શત્રુંજય ઉપર કેટલી ટૂંકો છે (૨)

(ઉકેલ અન્યત્ર)

## બાળક જેવું જીવે છે, તેવું શીખે છે - ડોરોથી એલ. નોલ્ટે

જો બાળક ટીકાના વાતાવરણમાં જીવે, તો તે તિરસ્કાર કરતાં શીખે.
જો બાળક વેરઝેરના વાતાવરણમાં ઊછરે, તો તે યુદ્ધ કરતાં શીખે.
જો બાળક ભયના વાતાવરણમાં ઊછરે, તો તે કાયર બને.
જો બાળક દયાના વાતાવરણમાં ઊછરે, તો તે ચિંતાતુર બની જીવે.
જો બાળકની મજાક ઉડાવતા રહીએ, તો તે શરમાળ બને.
જો બાળક દ્વેષના વાતાવરણમાં ઊછરે, તો તે ઈર્ષ્યા શીખે.
જો બાળક શરમાળપણાના વાતાવરણમાં ઊછરે, તો તે અપરાધભાવ શીખે.
જો બાળક સહિષ્ણુતાના વાતાવરણમાં ઊછરે, તો તે ધૈર્ય શીખે.
જો બાળક પ્રોત્સાહક વાતાવરણમાં ઊછરે, તો તે આત્મવિશ્વાસ શીખે.
જો બાળક પ્રશંસાના વાતાવરણમાં ઊછરે, તો તે કદર શીખે.
જો બાળક સમર્થનના વાતાવરણમાં ઊછરે, તો તે પોતાને ચાહતા શીખે.
જો બાળક સ્વીકારના વાતાવરણમાં ઊછરે, તો તે વિશ્વમાં પ્રેમ શોધી શકે.
જો બાળકને ઓળખ બનાવતાં શીખવાય, તો તે ધ્યેયલક્ષી બને.
જો બાળકને વહેંચી લેતાં શીખ્યું હોય, તો તે ઉદાર બને.
જો બાળકને પ્રમાણિકતા અને અધિકારોનું વાતાવરણ મળે, તો તે સત્ય અને ન્યાય શીખે.
જો બાળક સલામતીના વાતાવરણમાં ઊછરે, તો તે પોતાનામાં અને આજુબાજુના લોકોમાં શ્રદ્ધા રાખતાં શીખે.
જો બાળક મૈત્રીપૂર્ણ વાતાવરણમાં ઊછરે, તો વિશ્વ એક સારી જગ્યા છે તેવી ભાવના શીખે.
જો બાળક પવિત્ર વાતાવરણમાં ઊછરે, તો તે મનની શાંતિ કેળવતાં શીખે.
**તમારાં બાળકો કેવા વાતાવરણમાં ઊછરી રહ્યાં છે?**

જય જય શ્રી ચિંતામણિ પાર્શ્વનાથજી

# શ્રી વરાડીયા જૈન દેરાસર સાધારણ અને મહાજન ફંડસ્ ટ્રસ્ટ

મુંબઈ કાર્યાલય : એ-૧૨૦૩, મહાવીર રેસીડન્સી, બાલ રાજેશ્વર મંદિર પાસે, એલ.બી.એસ. માર્ગ, મુલુંડ (પ), મુંબઈ-૮૦.
ફોન : 95948 71898, 96195 15511 • ઈમેલ : varadiyajainderasar@gmail.com

## જિનાલયની ૧૧૬મી સાલગીરા પ્રસંગે બે દિવસીય મહોત્સવ તા. ૧૪/૧૫ ઑગસ્ટ ૨૦૧૮

સં. ૨૦૭૪ શ્રાવણ સુદ ૪, મંગળવાર તા. ૧૪/૮/૨૦૧૮
બપોરે ૧૨.૩૯ ક. થી **પ્રભુજીના ૧૮ અભિષેક**
રાત્રે ૮.૦૦ ક. થી **ભક્તિ ભાવના** બપોરે તથા સાંજે **સાધર્મિક ભક્તિ**

સં. ૨૦૭૪ શ્રાવણ સુદ ૫, બુધવાર તા. ૧૫/૮/૨૦૧૮
સવારે ૯.૦૦ ક. થી **સત્તરભેદી પૂજા** તથા
**૧૧૬મી ધ્વજા રોહણ** બપોરે તથા સાંજે **સાધર્મિક ભક્તિ**

મહોત્સવ લાભાર્થી : **વરાડીયા ગામની નિયાણી બહેનો**

## આત્મીય આમંત્રણ :

**આ ધાર્મિક પ્રસંગે વરાડીયાની નિયાણી બહેનો તથા વરાડીયા મહાજન તરફથી વરાડીયાના સર્વે ભાઈ-બહેનોને તથા નિયાણી બહેનોને સપરીવાર માવતર વતન વરાડીયે પધારવા ભાવભર્યું નિમંત્રણ છે.**

**વિશેષ સુવિધા :** દાદર થી પ્રસ્થાન : તા. ૧૩/૮/૨૦૧૮ બપોરે ૩.૦૦ ક. સયાજી નગરી ટ્રેન
પાછા વળતા ભુજ થી પ્રસ્થાન : તા. ૧૫/૮/૨૦૧૮ રાત્રે ૮.૧૫ ક. કચ્છ એક્સપ્રેસ
ટીકીટ દર : રૂા. ૯૦૦/- (સીનીયર સીટીઝન રૂા. ૫૦૦/-) પ્રવાસ દરમ્યાન સાધર્મિક ભક્તિ તથા ભુજ-વરાડીયા-ભુજ ટ્રાવેલીંગનો લાભ વરાડીયાની નિયાણી બેનોએ લીધેલ છે.

**સંપર્ક સેતુ**

| મીના કિરીટ ડાઘા | ભારતી ગૌતમ દંડ | દિપાલી નીતીન નાગડા |
|---|---|---|
| 76667 43777 | 98207 30269 | 98924 31303 |

તા. ૧૦/૪/૨૦૧૮ સુધી ટીકીટની રકમ આપી નામ નોંધાવવા વિનંતી છે. ઉપરાંત મહોત્સવના ફંડ માટે પણ ઉદાર દિલે યથાશક્તિ ફાળો નોંધાવવા સર્વે કુમારી તથા પરિણીત નિયાણી બેનોએ ઉપરના કાર્યકર્તાઓનો સંપર્ક સાધવા વિનંતી છે.

**શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન, વરાડીયા તથા શ્રી વરાડીયા જૈન દેરાસર સાધારણ અને મહાજન ફંડસ્ ટ્રસ્ટના ટ્રસ્ટીગણ વરાડીયાની સર્વે નિયાણી બહેનોને અભિનંદન આપે છે તથા ભૂરી ભૂરી અનુમોદના કરે છે.**

**વરાડીયા જઈએ ને પાવન થઈએ, અભિષેક ૧૮ પ્રભુજીના કરીએ... રે ચાલો વરાડીયા જઈએ...**
**વરાડીયા જઈએ ને પાવન થઈએ, ધ્વજારોહણ જિનાલયની કરીએ... રે ચાલો વરાડીયા જઈએ...**

## શાંતિ-કલ્યાણ નિધિ ફંડ

શ્રી વરાડીયા જિનાલયના સાધારણ ફંડને મજબુત બનાવવા માટે ગયા વર્ષે ત્રિહાનિકા મહોત્સવ દરમ્યાન શ્રી શાંતિનાથ દાદાની પધરામણી તથા દાદા શ્રી કલ્યાણસાગર સૂરીશ્વરજીની નવનિર્મિત દેરીમાં પુનઃ પ્રતિષ્ઠા નીમીતે પ્રસંગની યાદગીરીમાં શાંતિ-કલ્યાણ નિધિ ફંડની શરૂઆત થયેલ. ૨૩માં તીર્થંકર મુળનાયક શ્રી પાર્શ્વનાથજી દાદાના દેરાસર માટે રૂા. ૨૩,૦૦૦/- ના પાંચ વાર્ષિક હપ્તામાં રૂા. ૧,૧૫,૦૦૦/- ના અનુદાનની અપીલ છે. મહોત્સવ દરમ્યાન ૧૭ નામ આવ્યા છે. નવા નામ આવકાર્ય છે. પાંચ વર્ષ બાદ તમામ નામ કાયમી ધોરણે દેરાસરના પ્રાંગણમાં ઉચિત જગ્યાએ તક્તિમાં મુકાશે. ૧૭ માંથી ત્રણ દાતાઓએ પૂર્ણ રકમ ભરી દીધી છે. જેમના ૨૦૧૭ અને ૨૦૧૮ ના હપ્તા બાકી હોય તેમણે સત્વરે જમા કરાવવા નમ્ર વિનંતી છે.

**ભોજનશાળા - અતિથિગૃહ**
વરાડીયામાં કાયમી ધોરણે ભોજન શાળાની તથા અતિથિગૃહમાં AC / Non AC રૂમોની વ્યવસ્થા છે.

**સંપર્ક સેતુ**

**ભોજનશાળા**
નરેન્દ્ર લોડાયા - 99259 84425
નલીન ડાઘા - 97691 11040

**અતિથિગૃહ**
દેવેન્દ્ર મોમાયા
79908 21317
94285 67101

## પર્વાધિરાજ પર્યુષણ પર્વ

સં. ૨૦૭૪ના પર્વાધિરાજ પર્યુષણ મહાપર્વના ૯ દિવસોમાંથી ૨ દિવસ માટેની સંપૂર્ણ દિવસ માટેની સાધર્મિક ભક્તિના નામ આવ્યા છે. ભાદરવા સુદ ૧ : **સ્વ. કુ. કીઆ દર્શન દીપક ડાઘા** ભાદરવા સુદ ૨ : **સૌ. મધુબેન લહેરચંદ રતનશી ડાઘા**
બાકીના ૭ દિવસો માટે દાતા સૌજન્ય આવકાર્ય છે. નકરો રૂા. ૧૫,૦૦૦/- છે.

**અષ્ટપ્રકારી પૂજા :** ઑક્ટોબર ૧૭ થી સપ્ટેમ્બર ૧૮ ના માસિક અષ્ટપ્રકારી પૂજા માટે દાતા સૌજન્ય આવકાર્ય છે. નકરો રૂા. ૫,૦૦૦/-. પૂરા વર્ષ દરમ્યાન બેનર પર નામ પ્રદર્શિત થશે.

**જ્ઞાતિને સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.**

### શ્રી દક્ષિણ ભારત ક.દ.ઓ. જૈન એકમની કારોબારી કમિટી ૨૦૧૭-૨૦૨૦

| | |
|---|---|
| પ્રમુખ | - શ્રી પુનમચંદ લક્ષ્મીચંદ ધરમશી (હુબલી) |
| મંત્રી | - શ્રી સતીશ દેવજી શાહ (બેંગલોર) |
| ખજાનચી | - શ્રી કિર્તી ધનજી ધરમશી (બેંગલોર) |
| ઉપપ્રમુખ | - શ્રી હેમાંગ મણીકાંત મોમાયા (હૈદ્રાબાદ) |
| ઉપપ્રમુખ | - શ્રી મુલચંદ પી. શાહ (બેંગલોર) |
| ઉપપ્રમુખ | - શ્રી પ્રદીપ રતિલાલ લોડાયા (કોઇમ્બતુર) |
| સહમંત્રી | - શ્રી ભરત લક્ષ્મીચંદ ધરમશી (હુબલી) |
| સહમંત્રી | - શ્રી મિતેશ પી. લોડાયા (બેંગલોર) |
| સહખજાનચી | - શ્રી સતીશ પી. લુઠીયા (ગદગ) |
| સભ્યો | - શ્રી કિશોર શામજી કુરૂવા (કોચીન) |
| | શ્રી દિનેશચંદ કે. લોડાયા (ગદગ) |
| | શ્રી હરીશ એસ. મુનવર (ગદગ) |
| | શ્રી હિરાચંદ ડી. દંડ (હુબલી) |
| | શ્રી રાજેન્દ્ર દેવજી શાહ (બેંગલોર) |
| | શ્રી ધીરીશ જયંતીલાલ મોમાયા (બેંગલોર) |
| | શ્રીમતી હેમા ગુલાબ છેડા (બેંગલોર) |
| | શ્રી હીરેન મુલજી પટેલ (હૈદ્રાબાદ) |
| | શ્રી લીતીન નવિનચંદ્ર લોડાયા (કોઈમ્બતુર) |
| | શ્રી ચેતન એસ. મુનવર (બેલારી) |
| | શ્રી સુજીવ જે. સોની (ગદગ) |
| | શ્રી હિરેન કે. છેડા (હુબલી) |


# સેલ સેલ સેલ
## 10% to 50%

**ફેન્સી તેમજ ડીઝાઈનર ચણીયાચોળી એથનીક, ઉપાડા સેલા, પીટા વર્કની સાડીઓ, ચણીયાચોલી, પારસી વર્કની સાડીઓ, ફેન્સી પટોડા, બટ કસબની સાડી, ચણીયાચોલીનો ભરપુર સ્ટોક.** Sunday Closed

**નારી ફેશન - ઘાટકોપર - 25015570**


### શ્રી ક.દ.ઓ. જૈન સર્વોદય મંડળ, મુલુંડ

મંડળ દ્વારા આયોજીત શ્રી મહાકાળી માતાજીની ભાવના તા. ૨૫-૩-૨૦૧૮ના રાતના ૯.૦૦ કલાકે શ્રી વાસુપૂજ્ય જિનાલયે, ઝવેર રોડ મધ્યે રાખેલ છે. જેનો લાભ માતુશ્રી હીમાબાઈ મુરજી નાગડા પરિવાર - રાપરગઢ વારી અને માતુશ્રી પ્રભાબેન લહેરચંદ કુંવરજી મોતા પરિવાર - ધુફી વાળાએ લીધેલ છે. રીધ્ધી સીધ્ધી મંડળ ભાવના ભણાવશે. ત્યારબાદની ભાવના તા. ૨૨-૪-૧૮ ના છે. જેનો લાભ માતુશ્રી દેવકાબાઈ ખીમજી ચત્રભોજ ગાલા પરિવાર - તેરા વાળાએ લીધેલ છે.

### ધ્રોળ પરિવારની સમુહ પહેડી

કચ્છ કોટડી મહાદેવ પુરી કચ્છ ગોધરા ગામના ધ્રોળ પરિવારના શ્રી સચ્ચા માતાજી, શ્રી વાછરા દાદાની સમુહ પહેડી ૨૯-૪-૨૦૧૮ના સમય ૫ થી ૯, ઠાકુર હોલ, ડોંબિવલી (ઈસ્ટ). સર્વે ધ્રોળ પરિવારજનો અને નિયાણી બહેનો પરિવાર સહીત પધારવા નમ્ર વિનંતી છે. રવિવારના સાંજના કાળા વસ્ત્રો પહેરવા નહીં.

### શ્રી પૂના અચલગચ્છ જૈન સંઘ

શાસન સમ્રાટ અચલગચ્છાધિપતિ પ.પૂ. આ.ભ. શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ.સા.ની દિવ્ય કૃપાથી તપસ્વી સમ્રાટ અચલગચ્છાધિશ પ.પૂ. આ.ભ. શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.ના આજ્ઞાવર્તી સાહિત્ય દિવાકર પૂ. આ.ભ. શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા.ના શિષ્યરત્ન દક્ષિણરત્ન મહાતપસ્વી પૂ. મુનિપ્રવર શ્રી ધર્મપ્રભાસાગરજી મ.સા. ઠાણા ૩ અત્રે પૂના નગરે સુખ શાતાપૂર્વક બિરાજમાન છે. પૂજયશ્રીની નિશ્રામાં ચૈત્ર માસની શાશ્વતી નવપદની ઓળીની આરાધના અત્રે કરવામાં આવશે. પ્રવચન દરરોજ ચાલુ છે.

---

### ભુલ સુધાર :

પ્રકાશ સમીક્ષામાં છપાયેલ અંક નં ૧૧ ના પાના નં ૮ ઉપરની જાહેરાતમાં સાંધવ ગામના શ્રી લાલછતા પીર તથા શ્રી વાછરા દાદાની પહેડી વૈશાખ સુદ ૭, ૨૨-૪-૨૦૧૮ ને રાખેલ છે. સ્થળ તથા સમય આગળની જાહેરાત પ્રમાણે જ છે.

### શ્રી વરાડીયા જૈન મહિલા મંચ, મુંબઈ

૧૪-૩-૨૦૧૮ના બપોરના ૩ કલાકે મુલુંડના કાલીદાસ નાટ્યમંદિરમાં 'જેડલ' ગ્રુપ દ્વારા આયોજીત ગુજરાતી નાટક 'જેનો ઉધાર વ્યહાર તેને રોજ તહેવાર' માં શ્રી વરાડીયા જૈન મહિલા મંચ, મુંબઈના ૫૭ મેમ્બરો હાજર રહેલ. મહિલા મંચનું ૧૨મા વર્ષનું આ પ્રથમ કાર્યક્રમ સારી રીતે આયોજેલ.

### શ્રી સમાતાણી નાગડા પરિવાર, રંગપુર

શ્રી સામતાણી નાગડા પરિવાર, રંગપુરના મા અંબેમાંની ૧૧મી પહેડી ૨૯-૪-૨૦૧૮ના સવારના ૮ થી ૩ વાગ્યા સુધી રાખેલ છે. જૈનમ હૉલ, પહેલે માળે, ભાંડુપ (વેસ્ટ), સમયસર પધારવા વિનંતી.

### શ્રીમતી હર્ષા મનોજ નાગડા, ખામગાંવને પુરસ્કાર

વિશ્વ મહિલા દિવસ પ્રસંગે કલા તથા સમાજસેવા ક્ષેત્રે પ્રવૃત હર્ષાબેનને ખામગાંવ નગર પરિષદ તરફથી **નારી ગૌરવ** પુરસ્કાર અર્પણ થયો હતો. રમત ગમત ક્ષેત્રે તેમની ૨૦ વર્ષની સેવાઓને ધ્યાનમાં લઇને કે.ડી.ઓ. જ્ઞાતિના મહિલાને પ્રથમવાર આ પુરસ્કાર પ્રાપ્ત થયો હતો. શ્રીમતી હર્ષાબેન નાગડાનું મહારાષ્ટ્ર એકમ મહિલા મંચના પ્રમુખ શ્રીમતી હીરબેન લોડાયા તથા શ્રી શાંતીનાથ મહિલા મંડળના પ્રમુખ શ્રીમતી માલતીબેન નાગડા દ્વારા સમાજ તરફથી આ એવોર્ડ પ્રાપ્ત થયા બદલબહુમાન કરવામાં આવ્યું હતું.

**પ્રકાશ સમીક્ષાનો બેન્ક એકાઉન્ટ નંબર બદલાયો છે.**

પ્રકાશ સમીક્ષાના અરિહંત બેંકમાં ખાતા નંબર અને બ્રાંચનું સ્થળ બદલાયાં છે જેની કૃપયા નોંધ લેશોજી.

For NEFT Transfer

| | |
|---|---|
| Type of Account | : Saving |
| Account Number | : 004003000002 |
| Name of the Bank | : Shri Arihant Co-op Bank Ltd. |
| Branch | : Chinch Bunder, Mumbai - 400 009. |
| IFSC Code | : ICIC00ARIHT (after ICIC it is zero zero) |
| MICR Code | : 400800005 |

Name of the Account: Shri C D O Prakash Samiksha Samiti


કલા - કસબ અને કલરનો અનોખો સમન્વય

જ્યોતિ

સિલ્ક સાડી એમ્પોરીયમ

*Sachi Jari maate real nam*

૨૮, ગની મેન્શન, અરોરા થિયેટર પાછળ,
માટુંગા (સે.રે.), કિંગ્સ સર્કલ, મુંબઈ-૪૦૦ ૦૧૯.

Tel.: 2404 3995 / રવિવારે બંધ **Sunday Closed**

**Originally at Zaveri Bazar since 1976**



## ૧ ગ્રામ જ્વેલરી - અમે. ડાયમંડ જ્વેલરી "Exchange Offer"

રિધ્ધી આર્ટ - દાદર (ઈસ્ટ)

તમારી જુની Imitation જ્વેલરી-ખરાબ થઈ ગયેલ જ્વેલરી, Damage જ્વેલરી, Exchange કરી મેળવો નવી જ્વેલરી.

**20% થી 50% સુધીની છૂટમાં.**

❖ ચંદનહાર, એન્ટીક સેટ, રજવાડી સેટ, અમે. ડાયમંડ પે.સેટ, ને.સેટ, બ્રેસલેટ, બંગડી, બાલી, ફેન્સી રોડીયમ બંગડી, ચેનમાં નવો સ્ટોક.

❖ ૧ સામે ૧ જ્વેલરી Exchange થશે / Condition જોઇને Discount નક્કી થશે / આ કટીંગ લઈ આવનારને **5%** નું Extra Discount.

**રિધ્ધી આર્ટ**, દાદર (ઈસ્ટ)

**મિતેષ પ્રવીણ ગોસર**

**9819160014 / 24155353**


## જખૌ રત્ન ટુંક દેરાસર

જખૌ રત્ન ટુંક દેરાસર ૧૬૪ થી અધિક પ્રાચીન તીર્થનું દર વર્ષની જેમ ધ્વજા ઉત્સવ **શનિવાર, તા. ૨૩ જુન ૨૦૧૮ના** રોજ ઉજવવામાં આવશે. સર્વે જખૌ જ્ઞાતિજનો તથા નિયાણી બહેનોને જખૌ પધારવા ભાવભર્યું આમંત્રણ.

આવનાર દરેક યાત્રીકોને નમ્ર વિનંતી કે **તા. ૨૨/૬/૨૦૧૮** સાંજ સુધી આવી જવા વિનંતી. તેમજ પોતાના નામો અગાઉથી જાણ કરશો. જેથી રહેવા જમવાની વ્યવસ્થા કરી શકાશે.

ધ્વજાઓનાં વિવિધ ચડાવા ઉછામણી તેજ દિને સ્થળ પરજ બોલાવામાં આવશે જેની નોંધ લેશો.

માનદ્ મંત્રીઓ

**શ્રી જયંતીલાલ દેવશી મૈશેરી**

**શ્રી ચાંપશી ડુંગરશી હેફા**

### શ્રી ક.દ.ઓ. મહિલા મંચ ખામગામ - શેગાંવ

રોટરી ક્લબના નેજા હેઠળ મંચ દ્વારા મહિલા દિનની ઉજવણી નીમીતે તા. ૭/૩/૨૦૧૮ ના સૌ. કુંજનબેન લોડાયાની અધ્યક્ષતામાં ''કર્ક રોગ નીવારણ'' શીબીર લેવામાં આવી. અમરાવતી રોટરી ક્લબન વેનમાં પાંચ સુસજ્જ ડૉક્ટરોની ટીમ ઉપલબ્ધ હતી. જેમાં ગર્ભાશયના મુખનું કેન્સર અને સ્તન કેન્સરનું પરીક્ષણ કરવામાં આવ્યું. જેમાં મહીલા મંચના સદસ્યો અને સમસ્ત જૈન સંઘની મહિલાઓનું ચેકીંગ થયું. કુલ ૧૧૦ મહિલાઓનું ચેકઅપ થયું. આ ભવ્ય આયોજનમાં સેક્રેટરી હેતલ નાગડાએ નામ નોંધણીનું તેમજ ટ્રેજરર તેજલ મોતા, પ્રીતી મોતા અને રશ્મિ દંડ એ રજીસ્ટ્રેશનની કામગીરી ખૂબજ સરસ રીતે સંભાળી. આભાર પ્રદર્શન ઉપ- પ્રમુખ પુષ્પાબેન મોમાયા એ કરેલ. મંચના દરેક સભ્યોએ સવારના ૯ થી સાંજે ૫ વાગ્યા સુધી ઉમદા સેવા આપીને કેમ્પનું આયોજન સફળ બનાવ્યું.

### સાંયરા સંઘ દ્વારા છ ગાઉ યાત્રા તથા મહાકાળી માતાજીની ભાવના - સ્વામી વાત્સલ્ય

૨૭/૨/૨૦૧૮ ના પૂ. સા.શ્રી ચારૂપ્રજ્ઞાશ્રીજી મ.સા. પૂ. સા.શ્રી અનંતયશાશ્રીજી મ.સા., પૂ. સા. શ્રી અપૂર્વયશાશ્રીજી મ.સા. તથા પૂ. સા. શ્રી અર્હમયશાશ્રીજી મ.સા. ની નિશ્રામાં છગાઉની ભાવ યાત્રા કરવામાં આવેલ. જેમાં પૂ. સા.શ્રી અનંતયશાશ્રીજી મ.સા. છગાઉની યાત્રા વિશે સરળ ભાષામાં સમજાવેલ. ભાવયાત્રામાં તુંબડી સંઘ તથા સુથરી સંઘના ભાઈ-બહેના આવેલ. ભાવયાત્રા બાદ માતુશ્રી લક્ષ્મીબાઈ લહેરચંદ કાનજી લોડાયા તરફથી ભાથુ આપવામાં આવેલ. સાંયરા સંઘ તરફથી સ્વામી વાત્સલ્ય જમણ હતું. અલગ અલગ દાતાઓ તરફથી પ્રભાવના કરવામાં આવેલ.

૨૮/૨/૨૦૧૮ના માતુશ્રી ગંગાબાઈ લીલાધર નરશી મોમાયા તરફથી મહાકાળી માતાજીની ભાવના થયેલ. જેમા જેઠાભાઈ મોમાયા, ઉત્તમભાઈ મોમાયા, પ્રેમચંદભાઈ મોમાયા, રતીલાલભાઈ ધ્રોળ, કસ્તુરીબાઈ લોડાયા, તબલચી મણીલાલભાઈ મોમાયા તથા પૂ. સા. શ્રી અપૂર્વયશાશ્રીજી મ.સા. તથા પૂ. સા.શ્રી અર્હમયશાશ્રીજી મ.સા. રાગરાગીણી થી ભાવના ભણાવેલ. ૧/૩/૨૦૧૮ના માતુશ્રી ગંગાબાઈ લીલાધર નરશી મોમાયા તરફથી સ્વામી વાત્સલ્ય જમણ થયેલ. આ મારાજ સાહેબ આયંબિલની ઓળી સુધી સાંયરામાં ઉપાશ્રયમાં બીરાજમાન હશે તો દર્શન કરવાનો લાભ લેશો.

## શ્રી જશાપર ગામની મીટીંગ

જશાપર ગામની દેવીઓની પૂનઃ પ્રતિષ્ઠા **તા. ૧૦-૫-૨૦૧૮ થી ૧૨-૫-૨૦૧૮**ના નિર્ધારિલ છે. પ્રતિષ્ઠાના આયોજન કરવા બાબત ચર્ચા વિચારણા માટે મિટિંગનું આયોજન કરેલ છે તો સર્વે ગામવાસીઓ તથા નિયાણી બહેનોએ પધારવા વિનંતી.

**તા. ૨૪-૩-૨૦૧૮ શનીવાર**

**સમય : ૫.૦૦ થી ૯.૦૦**

**સ્થળ : વિરજી જીવરાજ મેપાણી હૉલ,**
''દેવપૂંજ'' વાલજી લધા ક્રોસ રોડ,
મુલુંડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૦.

વધુ વિગતો માટે સંપર્ક :
**સોમચંદ મોતા - 98208 21908**
**ગૌતમ ધરમશી - 98691 21666**

**લી. ક.દ.ઓ. જૈન જશાપર મહાજન**

### જાહેરાત આપનારાઓને નિવેદન

પ્રકાશ સમીક્ષામાં જાહેરાતની મેટર ટપાલ કે ઈમેઈલ દ્વારા મોકલાવતી વખતે એક જવાબદાર વ્યક્તિનો મોબાઈલ નંબર અવશ્ય મોકલવો જેથી આવશ્યક હોય ત્યારે સંપર્ક સાધી શકાય.

## ભાઈ તુલ્ય દોસ્તને નવમી પુણ્યતિથીએ શ્રધ્ધા સુમન



**સ્વ. દામજી નરશી દંડ**
સાંધવ - ભાંડુપ
સ્વ. તા. ૨૦-૩-૨૦૦૯

અંજલી આપતાં હૈયું તુટે છે. શ્રધ્ધાંજલિ લખતા શબ્દો ખુટે છે...
કુદરતના ખજાનાને ખોટ પડે ત્યારે ધરતીના પુષ્પો ચુંટે છે...
પરમ કૃપાળુ પરમાત્મા આપના દિવ્ય આત્માને પરમશાંતિ આપે એજ પ્રાર્થના

**ગોવિંદજી લાલજી પટેલ**, સાંધવ - મુલુંડ

લગ્નસરાની સાડીઓમાં કેડીઓ જ્ઞાતિનું વિશ્વસનીય નામ

**અવસર સારીઝ**

* સાચી/ટેસ્ટેડ કસબ અને જીંક કસબ સાડીઓ, ચણીયા ચોલી.
* રીયલ/ટેસ્ટેડ ઘરચોળા, બોર્ડરો, પાનેતર, બાંધણીઓ તથા ફેન્સીવર્ક સાડીઓ

૧ રૂપલ અપાર્ટમેંટ, દાદાસાહેબ ફાળકે રોડ, સાધના હોટલની સામે,
દાદર (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૧૪. ફોન : 022-24164239
સંપર્ક : દિનેશ દેઢિયા - 92234 25676

## નવા/બદલાયેલા સરનામા/ફોન – (પુરું નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)

| | |
|---|---|
| **જવેરચંદ ખીમજી ખોના** (PS 7269) | હાઉસ નં. PC/67, વર્ધમાન નગર સાઉથ, મધાપર કચ્છ - ૩૭૦ ૦૨૦. મો. : ૦૯૭૬૯૦ ૩૨૮૮૮, ૦૯૫૩૭૫ ૪૮૪૮૮ |
| **પ્રતાપ ધનજી નાગડા (માનાવાલા)** (PS 2068) | B/5, મોનીકા કો.હા.સો., વિદ્યાલય માર્ગ, મુલુંડ (ઈ), મુંબઈ-૪૦૦ ૦૮૧. મો. : ૦૯૯૬૭૫ ૮૬૪૮૦, ૦૮૭૭૯૫ ૧૨૯૭૬ |
| **કિનન્ત મણીકાંત દંડ** (PS 2632) | ફ્લેટ નં. ૭, એ-૩૪, સોમેશ્વરા સોસાયટી, એમ. જી. કોમ્પ્લેક્સ, સેક્ટર-૧૪, વાશી, નવી મુંબઈ-૪૦૦ ૭૦૩. મો. : ૦૯૯૨૦૬ ૯૬૬૬૮ |
| **શ્રીમતી ઈલા દીપક દંડ** (PS 7338) | B-806, કૉનકૉર્ડ પ્રોક્સીમા, લલિત એસ્ટેટ, કૉસમૉસ રીજન્સી પાસે, બનેર રોડ, બનેર, પુણે - ૪૧૧ ૦૦૭. મો. : ઈલાબેન ૦૯૫૮૮૬ ૫૯૩૧૬, ૦૯૩૭૦૧ ૧૦૭૬૭ મો. : ધવલ ૦૯૪૨૦૪ ૯૨૩૮૦, ૦૮૭૮૮૮ ૬૭૧૮૮ |
| **શ્રીમતી ઉર્મિલા શરદ ગાલા** (PS 3285) | FC-07, પહેલે માળે, ઓમકાર પ્રીમાઈસેસ કો.હા.સો., પંડિત દીનદયાલ ઉપાધ્યાય માર્ગ, ડોમ્બીવલી (વેસ્ટ) - ૪૨૧ ૨૦૨. મો. : વિશાલ ૦૯૯૩૦૧ ૧૫૦૦૧ |

## જીવનચક્ર

### સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૦૯-૦૩-૧૮ | એરોલી | જયનીશ જયેશ વિશનજી ધરમશી | સુથરી | ૨૭ |
| | મુલુંડ | નિરાલી નિલેશ લાલજી મોતા | રાપર | ૨૪ |

### લગ્ન

| | | | | |
|---|---|---|---|---|
| ૧૮-૦૨-૧૮ | નાહૂર | અંકુર નીતિન ડાઘા | વરાડીયા | ૨૭ |
| | બડગરા (કેરાલા) | અદિતી વિરચંદ મોતા | નલિયા | ૨૫ |

### આંતરજ્ઞાતિય લગ્ન

| | | | | |
|---|---|---|---|---|
| ૨૭-૦૧-૧૮ | ધુલિયા | ધીરજ દિલીપ સુરાણા | રાજસ્થાન | ૩૧ |
| | ધુલિયા | જલ્પા તૈલેશ ધરમશી (ભાટે) | સુથરી | ૨૮ |
| ૧૧-૦૨-૧૮ | અંધેરી | સાકેત નવીન વેલજી છેડા | સુથરી | ૩૩ |
| | પાર્લા | વિપ્રા નીતિન રતનશી વિશરીયા | દુર્ગાપુર | ૩૩ |
| ૧૮-૦૨-૧૮ | ધુલિયા | દિપમ પ્રદિપ લોડાયા | વારાપધર | ૨૫ |
| | શિરપૂર | યાશિકા યુવરાજ નાગડા | લૂણી | ૨૩ |

### મરણ

| | | | | |
|---|---|---|---|---|
| ૧૦-૦૩-૧૮ | પૂના | હેમરાજ લાલજી મૈશેરી | જખૌ | ૮૭ |
| ૧૧-૦૩-૧૮ | મલાડ | ઈંદિરા વિપુલ વિશરીયા | કોટડા | ૪૫ |
| ૧૧-૦૩-૧૮ | કોઈમ્બતુર | વિજયાબેન વેલચંદ લૂઠીયા | નાની ખાવડી | ૮૨ |
| ૧૨-૦૩-૧૮ | અમરાવતી | હિના ભરત સોમચંદ ખોના | વાંકુ | ૫૬ |
| ૧૪-૦૩-૧૮ | ઘાટકોપર | મણીલાલ માણેકજી લોડાયા | જખૌ | ૮૪ |
| ૧૫-૦૩-૧૮ | બારામતી | તારાબેન કે. નાગડા | જખૌ | ૪૮ |

### ધર્મસંદેશ - ૧૧૮ નો ઉકેલ

આડી ચાવીઓ -
(૧) અયોધ્યા (૪) ગુણસ્થાનકો (૭) નમણ (૯) નાથ (૧૦) કર્મ (૧૧) વિજયજી (૧૩) ચામર (૧૫) બે (૧૬) રાગ (૧૮) વિહાર (૨૦) સૂર્ય (૨૧) ચાર (૨૩) વિસામા (૨૪) વતન (૨૭) સમય (૨૮) તપોવન (૩૦) ભંડાર (૩૧) જિનેશ્વર

ઊભી ચાવીઓ -
(૧) અરનાથ (૨) ધ્યાન (૩) મણ (૪) ગુણીયાજી (૫) સ્થાનક (૬) કોકા (૮) મહાવીર (૧૨) મગરવાડા (૧૪) મતિ (૧૭) વાસુદેવ (૧૮) વિરવિજયજી (૧૯) પાલ (૨૨) પાનસર (૨૫) માતર (૨૬) નવ (૨૯) નવ

# સ્નેહપૂર્ણ શ્રદ્ધાંજલિ

**૯ મી પુણ્યતિથી**



**સ્વ. દેવશી શામજી ધ્રોળ**

તા. ૨૨-૦૫-૨૦૦૯

**દ્વિતીય માસીક પુણ્યતિથી**



**સ્વ. માતુશ્રી પ્રેમાબાઈ દેવશી ધ્રોળ**

તા. ૧૭-૦૧-૨૦૧૮

**૨ જી પુણ્યતિથી**



**સ્વ. કાનજી શામજી ધ્રોળ**

તા. ૧૭-૦૪-૨૦૧૬

**૧૦ મી પુણ્યતિથી**



**સ્વ. માતુશ્રી ભાનુમતી કાનજી ધ્રોળ**

તા. ૧૪-૦૬-૨૦૦૮

**૭ મી પુણ્યતિથી**



**સ્વ. પ્રીતી નીતીન ધ્રોળ**

તા. ૦૧-૦૨-૨૦૧૧

વહેતી રહે નિરંતર સમયની ધારા,
જીવન એવું જીવ્યા, ભુલ્યા ભુલાય નહીં....
સદા હસતાં ચેહરા રાખી,
અનંત યાત્રાએ આદર્યું પ્રયાણ....
રહેશે નિરંતર તમારી સ્મૃતિ જ્યોત,
અમ હૃદય માં....

**સ્મરણકર્તા**

**સ્વ. માતુશ્રી જેવુબાઈ શામજી પદમશી ધ્રોળ સહપરિવાર** (ગોધરા - માંડવી)
**સ્વ. માતુશ્રી જમકુબાઈ ભવાનજી માંડણ ધરમશી સહપરિવાર** (જશાપર)
**સ્વ. માતુશ્રી ઝવેરબેન જયંતિલાલ જેવત વોરા સહપરિવાર** (માંડવી - કોચીન)
**માતુશ્રી વાલબાઈ જેઠાલાલ મેઘજી લોડાયા સહપરિવાર** (વારાપધર)

**શ્રદ્ધાના સુમન અર્પણ કરે છે....**

|| શ્રી અનંતનાથાય નમઃ ||

# શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન, મુંબઈ

KDO અણમોલ જ્ઞાતિ – અનંત ગૌરવ

આયોજીત

દાતાઓના સહયોગથી પર્યુષણ પર્વ બાદ

**પ.પૂ. ગચ્છાધિપતિ આ. ભ. શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.ને સાંવત્સરીક વંદના**

## સાંવત્સરીક વંદના અને ચૈત્યપરિપાટી - કચ્છ અબડાસાની બંને પંચતીર્થી

**પ્રસ્થાન :** શુક્રવાર, તા. ૨૧-૦૯-૨૦૧૮ ટ્રેન દ્વારા (સયાજી)

**આગમન :** સોમવાર, તા. ૨૪-૦૯-૨૦૧૮ ના મુંબઈ આગમન

**મહાજન કાર્યાલયે પ્રતિ વ્યક્તિ દીઠ રૂપિયા ૧૦૦૦/- તારીખ : ૦૫/૦૫/૨૦૧૮ સુધી ભરીને આપના નામો વહેલા તો પહેલાના ધોરણે નોંધાવશો. ફોન ઉપર નામ લેવામાં નહિં આવશે. ફોર્મ ભરવાનો ફરજીયાત છે.**

નવકારશી, બપોરના જમણ અને ચૌવિહારની વ્યવસ્થા તથા બસની વ્યવસ્થા કરવામાં આવશે.

## દાતા આવકાર્ય છે

**મુંબઈની હદમાં રહેતા જ્ઞાતિજનો એ લાગા ભરીને નામ લખાવવા.**

**મહાજન કાર્યાલય :** સમય ૧૨ થી ૬ વાગે સુધી.

શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન, મુંબઈ, ૩૦૨/૩૦૬, નરશી નાથા સ્ટ્રીટ, શ્રી અનંતનાથજી ચોક, મસ્જિદ બંદર, મુંબઈ - ૪૦૦ ૦૦૯. ફોન : ૦૨૨-૨૩૪૪ ૮૨૭૪

નોંધ : એકથી વધુ નામ હોય તો ફોર્મની ઝેરોક્ષ કઢાવી લેવી.

# શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન, મુંબઈ

KDO અણમોલ જ્ઞાતિ – અનંત ગૌરવ

૩૦૨/૩૦૬, નરશી નાથા સ્ટ્રીટ, શ્રી અનંતનાથજી ચોક, મસ્જિદ બંદર, મુંબઈ-૪૦૦ ૦૦૯. ફોન : ૦૨૨-૨૩૪૪ ૮૨૭૪

## સાંવત્સરીક વંદના અને ચૈત્યપરિપાટી - કચ્છ અબડાસાની બંને પંચતીર્થી

નામ : ____________________

સરનામુ : ____________________

____________________

મોબાઈલ નંબર : ____________ ઉમર : ________ સ્ત્રી/પુરૂષ

વતનમાં ગામ : ____________ લાગા ખાતા ક્રમાંક : ____________

પ.પૂ. ગચ્છાધિપતિ આ.ભ. શ્રી ગુણોદયસૂરીશ્વરજી મ.સા.ના સાંવત્સરિક વંદના અવસરે આયોજિત યાત્રામાં જોડાવવા માગું છું. યાત્રામાં મારા તરફથી સંપૂર્ણ સહકાર રહેશે.

સહી : ____________ તારીખ : ____________

|| વરસીતપના પ્રણેતા શ્રી આદિનાથાય નમઃ ||

# શ્રી અખિલ ભારત અચલગચ્છ (વિધિપક્ષ) શ્વે. જૈન સંઘ

ન્યુ હનુમાન બિલ્ડીંગ, ૧લે માળે, ૧૧૦ B, કેશવજી નાયક રોડ, મુંબઈ – ૪૦૦ ૦૦૯. ફોન : ૦૨૨–૨૩૭૨ ૯૩૦૪

આયોજિત

## સમૂહ વરસીતપ પારણા



દિવ્ય તેજધારા : શત્રુંજય મંડન શ્રી આદિનાથ દાદા
પ્રેરણા કૃપાધારા : ભારત દિવાકર,
કચ્છી સમાજના હૃદયસમ્રાટ,
અચલગચ્છેશ પ.પૂ.આ.ભ.શ્રી
**ગુણસાગરસૂરીશ્વરજી** મ.સા.
: શુભાશિષ :
તપચક્રવર્તી, વર્તમાન અચલગચ્છાધિપતિ
પ.પૂ.આ.ભ.શ્રી **ગુણોદયસાગરસૂરીશ્વરજી** મ.સા.,
સાહિત્ય દિવાકર પ.પૂ.આ.ભ. શ્રી **કલાપ્રભસાગરસૂરીશ્વરજી** મ.સા.
આદિ અચલગચ્છના તમામ આચાર્ય ભગવંતો, મુનિભગવંતો તથા શ્રમણી ભગવંતો...

વીસમી–એકવીસમી સદીમાં જિનશાસનના ઈતિહાસમાં
વરસીતપનું સુવર્ણ પૃષ્ઠ ઉમેરવામાં અચલગચ્છ જૈન સંઘનો ફાળો સદાય અવિસ્મરણીય રહેશે.
સમૂહ વરસીતપ પારણાનું આયોજન પાલીતાણા સિવાય બીજા કોઇ સ્થાને થતું ન હતું
તે સમયે આજથી ૩૦ વર્ષ પહેલાં કચ્છી સમાજના પરમ ઉપકારી પ.પૂ.આ.ભ.શ્રી **ગુણસાગરસૂરીશ્વરજી** મ.સા.ની પ્રેરણાને ઝીલીને
**મુંબઈ નગરે ઘાટકોપર મુકામે પ્રભાવિક શ્રી જીરાવલ્લા પાર્શ્વનાથ દાદાની શીતળ છાયામાં**
**સામૂહિક ૧૦૮ વરસીતપના આરાધકોના પારણાનો પ્રારંભ થયો તે સંવત ૨૦૪૪ હતી.**
બસ, એ પ્રેરણાને પ્રતિવર્ષ ચાલુ રાખવાનું બીડું સંવત ૨૦૪૫ માં
**શ્રી અખિલ ભારત અચલગચ્છ (વિધિપક્ષ) શ્વે. જૈન સંઘ સંસ્થાએ ઝડપી લીધું.**

**પ્રતિવર્ષ ૩૦૦–૪૦૦ વરસીતપ આરાધકોનાં** એક જ માંડવડે પારણાંનું આયોજન
એક જ સંસ્થા દ્વારા આ રીતે ૩૦ વર્ષોથી ચાલી રહ્યું હોય એવું ભારતભરમાં એક માત્ર અખિલ ભારત અચલગચ્છ સંસ્થા દ્વારા થઈ રહ્યું છે અને
એમાં પણ વિશાળ પાયા પર **આર્ય–ગુણ શતાબ્દિ વર્ષે ૧૫૦૦ તપસ્વીઓ** અને **અચલગચ્છાધિપતિશ્રીના ૫૦મા–સુવર્ણ વર્ષીતપે ૩૦૦૦ તપસ્વીઓ**
આવી વિરાટ સંખ્યામાં પણ કાર્યક્રમ ખૂબ જ સગવડતાપૂર્વક ને સંતોષકારી રીતે પાર ઉતાર્યા છે, એ દેવ–ગુરૂની પરમ કૃપાનો આ પ્રભાવ છે.
આ યોજનામાં કાયમી ફંડમાં **૨૦ વર્ષ** પૂર્વે દાતાઓએ લાભ લીધો
એમાં હવે મોંઘવારીમાં ખર્ચ વધાવાથી દર વરસે નવી યોજના દ્વારા માતબર ખર્ચને પહોંચી વળવા ભાગ્યશાળીઓ મહાલાભ લઈ ધન્ય બની રહ્યા છે
અને આ કાર્ય સુખરૂપે દર વર્ષે સમૂહ પારણાનું આયોજાઈ રહ્યું છે.



**સમસ્ત સમાજ પાસે આ વર્ષે પણ અક્ષયતૃતીયાના સમૂહ વરસીતપ પારણા ભક્તિ અનુમોદનામાં લાભ લઈ**
**ધન્ય બનવાનો અવસર નજીક આવી રહ્યો છે.**
**તો ચાલો, દાનવીરો તપસ્યાના અનુમોદકો ધર્મપ્રેમી આત્માઓ સત્વરે લાભ લેવા તૈયાર થઈ જાઓ...**
**આપના પરિવારમાં વરસીતપના તપસ્વીઓની, તપની અનુમોદના**
**તેમ જ વડિલોની પુણ્ય સ્મૃતિમાં પણ આ લાભ લઈ**
**શ્રી ચતુર્વિધ સંઘને પારણુ કરવાનો મોકો ગુમાવશો નહિ.**



હસ્તિનાપુરી નગરીના દાતા ૩૦૦ વરસીતપના તપસ્વીઓ સહિત ચતુર્વિધ સંઘનો પારણાનો મહાન લાભ

ભરત ચક્રવર્તી ભોજન મંડપના દાતા
(૮ થી ૧૦ હજાર સાધર્મિકોની ભક્તિનો લાભ મળશે.)

સંપૂર્ણ પારણાના કાર્યક્રમના શુભેચ્છક દાતા (૧.૫) બની અનુમોદના કરવાનો લાભ.
પારણા + સુપાત્રદાન + સાધર્મિક ભક્તિનો લાભ.

: સંપર્કસૂત્ર :
શ્રી હરખચંદભાઈ ગંગર
૯૮૨૧૦ ૩૨૦૩૦
શ્રી વીપીનભાઈ ગંગર
૯૮૨૧૦ ૪૨૨૪૪

આદિનાથ દાદાની સ્મૃતિમાં થતું તપ
આ અવસર્પિણીનું સૌથી પ્રથમ તપ
ચોથા આરામાં ચમકેલો પાંચમાં આરે પહોંચેલો તપ
પ્રતિવર્ષ ભારતભરમાં મહિમાવંતો બનેલો તપ

"વરસીતપ"

: સંપર્કસૂત્ર :
ચીમનભાઈ મોતા
૮૩૫૫૮ ૫૫૨૯૮
જીતેન્દ્રભાઈ વોરા
૮૨૯૧૩ ૯૫૮૦૧

**લિ. સમૂહ વરસીતપ પારણા સમિતી**

BINITA S. MARU - 9869034162

C.D.O. Prakash Samiksha R.N.I.No. MAHGUJ/1998/04640 Day of publication every Monday (19-03-18)
Postal Regd. No. MCS/217/2018-2020 WPP Licence No. MR/Tech/WPP-352/South/2018
Posting : Tuesday/Wednesday Posted at Mumbai Partika Channel Sorting Office, Mumbai - 400 001

## હાર્દિક અભિનંદન



### શ્રી જયંતિલાલ દેવશી મૈશેરી

જખૌ – મુલુંડ

૨૬૭ ગ્રુપ્સ ધરાવતા પ્રતિષ્ઠીત **જૈન સોશ્યલ ગ્રુપના મુલુંડ મેઈન ગ્રુપના પ્રમખપદે** સર્વાનુમતે નિયુક્ત થયા તે બદલ ખૂબ ખૂબ અભિનંદન. કચ્છની પંચતીર્થી ગણાતા **જખૌ ગામના માનદ્ મંત્રી** તરીકે પણ સેવા આપી તેઓશ્રી કુટુંબ, ગામ અને જ્ઞાતિનું ગૌરવ વધારી રહ્યા છે જે પ્રશંસનીય છે. **જયપ્રિત ટુર્સ અને ટ્રૈવ્હલ્સ્**નો બિઝનેસ ધરાવતા તેઓશ્રી ભવિષ્યમાં સમાજસેવા તથા ધર્મસેવા ક્ષેત્રે હજુ પણ ખૂબ ખૂબ પ્રગતિ કરે એવી શુભેચ્છા....

શુભેચ્છક : **ચિંતન ગ્રાફિક્સ**, ઘાટકોપર
**મુકેશ શાહ - 9821154326**

## ટૂંક સમય માટે આવે છે



### CA. રાહુલ ભરત ઘરમસી

સુથરી (વડોદરા)

**હાલ Canada**
**એપ્રીલ 2018 માં આવવાના છે.**

જન્મ તારીખ : ૨૫/૦૯/૧૯૮૭
અભ્યાસ : CA(ICAI), CISA(USA), CIA(USA), CPA(USA)
સંપર્ક : CA. ભરત તારાચંદ ઘરમસી (૯૮૨૪૦૧૯૬૬૧)
દેવી ભરત ઘરમસી (૯૯૨૪૧૫૪૬૦૦)
Email : ca_btdharamsi@yahoo.com
devi5257@yahoo.com

## સખી વૃંદ મહિલા મંડળ (પુણે)

સોનલબેન દીપક લોડાયાએ આગવી શૈલીથી પરફયુમ્સ બનાવતા શીખવાડી સૌના મન મોહી લીધી. તેમના મિટિંગની થીમ હતી સંક્રાન્ત. ઘરના દ્વાર પર સૌ સખીઓને તિલગુડ ખવડાવી, હલ્દી કુમ કુમથી સ્વાગત કર્યું. તેઓ એ હોલની ભીંતો પર નાના મોટા પતંગ લગાડીને વાતાવરણને સંક્રાન્તમય બનાવી દીધું હતું. સોનલબેન એ લિક્વિડ પરફયુમ, બોડી સ્પ્રે, રૂમ ફ્રેશનર, રોલ ઓન, અત્તર, સોલિડ પરફ્યુમ, લિપ બામ, આમ અલગ અલગ પણ સુગંધિત એવી આઇટમ્સ બનાવતા તથા ફૂલોથી નેચરલ પરફ્યુમ પણ બનાવતા શીખવાડી.

આ બધી વસ્તુઓને બનાવવાની રીત, માપ, માહિતી સાથે સૌ બહેનોને ઝેરોક્સ આપી સોનલબેન એ પોતે બનાવેલ પરફયુમ સૌ સખીઓને ભેટ આપ્યુ. સખી વૃંદ મહિલા મંડળની કમિટી મેમ્બર્સએ સૌ બહેનોને હલ્દી કુમ કુમ, કરી મંડળ વતી ભેટ આપી.



પ્રકાશ સમિક્ષા અંક ૧૧માં પાના ૨૧ પુણે સખી વૃંદના સમાચારમાં છપાયેલ ફોટો ટેક્નિકલ પ્રોબ્લમના કારણે દેખાતો નથી તે ફરીથી પ્રકાશીત કરેલ છે.



if undelivered, please return to :
**C.D.O. PRAKASH SAMIKSHA,** C/o. R. R. Nagda, Advocate, 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Near Stock Exchange Bldg., Fort, Mumbai - 400 001.
Printed & Published by : **RAICHAND R. NAGDA** on behalf of **C.D.O. PRAKASH SAMIKSHA, SAMITI (Owner)** and Printed at **THE NEW MILLENNIUM PRINTERS**, 314, Mathuradas Mill Compound, N. M. Joshi Marg, Lower Parel, Mumbai - 400013 and Published by him from Premises No. 13A Situate at 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Fort, Mumbai - 400 001. **Editor : Raichand R. Nagda**

To,